**નવી બાબત, વર્ષ ૨૦૨૦-૨૧**

દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ , ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૨૦/૬૭/ક.૫

સચિવાલય, ગાંધીનગર

તારીખ :૨૬/૦૬/૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્માની કચેરીનો પત્ર ક્રમાંક: જીઓજી/આત્મા/ ૩૩૭૨-૭૩/૨૦૨૦, તા.૧૯/૦૩/૨૦૨૦

(૨) ગુજરાત આત્મનિર્ભર પેકેજ અંગેનો નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮ /૧૯૫૨૨૪/ક, તા:૦૫/૦૬/૨૦૨૦

**આમુખ :-**

રાજ્યમાં ખેડૂતો માટે ગુજરાત સરકાર અસરકારક કૃષિ વ્યવસ્થાપન, કૃષિ ઉત્પાદનની અનિશ્ચિતતામાં ઘટાડો થાય, કૃષિ ખર્ચમાં ઘટાડો થાય અને ખેડૂતની આવકમાં વધારો થાય તે માટે પ્રયત્નશીલ છે. ખેડૂતોની આવક બમણી કરવાના આહવાનના પ્રતિસાદ રૂપે રાજ્ય સરકારશ્રીએ વિવિધ કાર્યક્રમો, યોજનાઓ કે અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા પર ભાર મુકેલ છે.

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે ખેતી, પાકની વૃધ્ધિ માટે જરૂરી ઈનપુટ બહારથી ન લેતાં પ્રાકૃતિક સામગ્રી દ્વારા જાતે જ બનાવવા. પ્રાકૃતિક ખેતીથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો, નહીવત ઉત્પાદન ખર્ચ, વધારે ભાવ, પાણીની બચત થાય અને પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય તે હેતુસર દેશી ગાય આધારિત સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજનાની નવી બાબત માટે રૂ.૫૦૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા માટે નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્માના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૦-૨૧માં નવી બાબત અંતર્ગત દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના માટે COVID-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિમાં રાજ્યના અર્થતંત્રને પુન:વેગવંતુ કરવા માટે વંચાણે લીધા ઠરાવક્રમાંક(૨)થી જાહેર કરેલ ગુજરાત આત્મનિર્ભર પેકેજ મુજબ રૂ. ૬૬.૫૦ કરોડ (અંકે રૂપિયા છાસઠ કરોડ પચાસ લાખ પુરા)ને ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનુ ઠરાવવામાં આવે છે.

દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચ અર્થે રૂ.૯૦૦/-પ્રતિ માસ(રૂ.૧૦૮૦૦/-ની વાર્ષિક મર્યાદામાં) સહાય આપવાની આ યોજના છે. જેમાં રાજ્યના તમામ ખેડૂતોને લાભ મળવાપાત્ર થશે.

**યોજના હેઠળ ખેડૂત લાભાર્થીની પાત્રતા :**

(૧) અરજદાર ખેડૂત અરજીના સમયે આઇડેંટીફીકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતો હોવો જોઇએ અને તેના છાણ મૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતો હોવો જોઇશે અથવા જ્યારે પ્રાકૃતિક ખેતી કરતા થશે ત્યાર પછી લાભ મળવાપાત્ર થશે.

(૨) હાલ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો તથા પ્રાકૃતિક કૃષિની તાલીમ બાદ તૈયાર થયેલ માસ્ટર ટ્રેનર, જો પાત્રતાની શરતો પૂર્ણ કરે તો મંજૂરીમાં તેઓને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૩) આ યોજનાનો લાભ દેશી ગાય ધરાવતા (વિદેશી ગાયો જેવી કે જર્સી અને એચ.એફ. સિવાયની) ખેડૂતે ધારણ કરેલ તમામ જમીનમાં દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મળવાપાત્ર થશે. વાછરડા ગાય તરીકે ગણાશે નહી.

(૪) આ યોજના હેઠળ એક ખાતા (નમુના નંબર ૮–અ મુજબ) દીઠ એક લાભાર્થીને સહાય મળવા પાત્ર થશે.

(૫) અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિ ના માસ્ટર ટ્રેનર્સ પાસેથી અથવા પ્રાકૃતિક કૃષિ ની તાલીમ લીધેલ હોવી જોઇશે.

**(૧) લાભાર્થીએ અરજી કરવાની પદ્ધતિ:–**

(અ) અરજદાર ખેડૂતે પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માને આઇખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી ગ્રામ કક્ષાએ ઇ–ગ્રામ સેન્ટર મારફતે અથવા જ્યાં પણ કોમ્પ્યુટર–ઇન્ટરનેટની સુવિધા હોય ત્યાંથી કરી શકાશે. આ ઉપરાંત અરજદાર ભૌતિક અરજી સંબંધિત કચેરીમાં રજૂ કરે તો કચેરીએ સમયમર્યાદામાં પોર્ટલ ખુલ્લુ હોય ત્યાં સુધી પોર્ટલ ઉપર અરજી ચડાવવાની રહેશે.

(બ) ઓનલાઇન અરજી કર્યા બાદ અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેની ઉપર સહી/અંગુઠો કરી નીચે મુજબના જરૂરી સાધનિક કાગળો સાથે જે તે સેજાના ગ્રામસેવક/બીટીએમ/ એટીએમ/પ્રોજેક્ટ ડાયરેક્ટર–આત્માની કચેરીને રજૂ કરવાની રહેશે.

(ક) અરજદારે અરજીની પ્રિન્ટઆઉટ મેળવી તેની ઉપર સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે

(૧) ૮–અ નકલ

(૨) સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સંમતિ પત્રક

(૩) બેન્ક પાસબુકની નકલ / રદ કરેલ ચેક સામેલ રાખી દિન–૭માં તાલુકાના બીટીએમ/ એટીએમ/ગ્રામસેવકને રજુ કરવાના રહેશે.

**(૨) અરજીઓની ચકાસણી અને મંજૂરીની કાર્યપદ્ધતિ:–**

(૧) મળેલ અરજીઓ ઇનવર્ડ કરી બીટીએમ/એટીએમ દ્વારા પ્રાથમિક(સાધનિક કાગળોની) ચકાસણી કરવાની રહેશે.

(૨) પાત્રતા ધરાવતી અરજીઓને સબંધિત સેજાના ગ્રામ સેવકને સ્થળ તપાસણીની અને ગાયની ખરાઇ માટે તથા ટેગ વેરીફીકેશન માટે અને પ્રાકૃતિક કૃષિ કરે છે તે અંગેની ચકાસણી માટે મોકલી આપવાની રહેશે. અને તે અંગેની જાણ જિલ્લાના પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્માને કરવાની રહેશે.

(૩) પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્માએ ગ્રામસેવક દ્વારા નિર્ધારીત સમયમર્યાદામાં ચકાસણી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૪) ગ્રામસેવક સમયમર્યાદામાં અરજીઓની જરૂરી ચકાસણી કરી તેમના ચકાસણી પ્રમાણપત્ર સાથે બીટીએમ/એટીએમને રજૂ કરવાનું રહેશે.

(૫) તાલુકા કક્ષાએ ગ્રામ સેવક દ્વારા ચકાસણી થયેલ અરજીઓ મળ્યા બાદ દરેક અરજીની પાત્રતા/બિન પાત્રતા નિર્ધારિત કરી તદ્દનુસાર આઇ–ખેડૂત પોર્ટલમાં બીટીએમ/એટીએમ દ્વારા પોતાના લોગઇન એકાઉન્ટમાં અરજીનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

(૬) ત્યારબાદ બીટીએમ/એટીએમએ મંજૂર કરવાપાત્ર અરજીઓ ભલામણ સાથે પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્માને મોકલી આપવાની રહેશે.

(૭) પ્રોજેક્ટ ડાયરેક્ટર,આત્માએ મળેલ પાત્રતાવાળી અરજીઓની લક્ષ્યાંકની મર્યાદામાં શરતોના આધારે ચકાસી મંજૂરીના હુકમો કરવાના રહેશે.

(૮) લક્ષ્યાંક કરતાં વધારે અરજીઓ મળે તો આઇખેડૂત પોર્ટલની પદ્ધતિ મુજબ રેન્ડમાઇઝેશન (ડ્રો) કરીને મંજૂરી આપવાની રહેશે.

**(૩) સહાય ચુકવણીની કાર્યપદ્ધતિ**

(૧) મંજૂર કરેલ લાભાર્થીઓને ગાયના નિભાવ ખર્ચ માટે માસિક રૂ.૯૦૦/- લેખે ત્રિમાસિક સહાયની રકમ રૂ.૨૭૦૦ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં RTGS/DBT થી જમા કરાવવાની રહેશે.

(૨) એપ્રિલ થી જુનના ત્રિમાસિકનો નિભાવ ખર્ચ જુલાઇ માસમાં, જુલાઇ થી સપ્ટેમ્બર ત્રિમાસિકનો નિભાવ ખર્ચ ઓક્ટોબરમાં, ઓક્ટોબરથી ડીસેમ્બરનો ત્રિમાસિક નિભાવ ખર્ચ જાન્યુઆરીમાં અને જાન્યુઆરી થી માર્ચનો ત્રિમાસિક નિભાવ ખર્ચ એપ્રિલમાં ચુકવવાનો રહેશે.

(૩) અરજીની મંજૂરી તારીખથી જે તે ત્રિમાસિકના ઉપલબ્ધ સમયગાળા માટે માસિક રૂ.૯૦૦ લેખે નિભાવ ખર્ચ ચુકવાશે.

(૪) દર ત્રણ માસે ટેગ સહિત ગાયની હયાતી તથા લાભાર્થી પ્રાકૃતિક કૃષિ કરે છે તે મુજબનું પ્રમાણપત્ર ગ્રામસેવક/ બીટીએમ/ એટીએમએ રજૂ કરવાનુ રહેશે જે આધારે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ ત્રિમાસિક સહાય ચુકવવાની રહેશે. ચકાસણી દરમ્યાન ખેડૂત પાસે જો ગાય ન હોય અને પ્રાકૃતિક કૃષિ ન કરતો હોય તો યોજના હેઠળની સહાય બંધ કરવાની રહેશે.

(૫) અરજીની સંખ્યાને ધ્યાને લઇને પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માએ ગ્રામસેવક/ બીટીએમ/ એટીએમ કામગીરીની ફાળવણી કરી શકશે.

**(૪) યોજનાની સમીક્ષા:**

જિલ્લા કક્ષાએ યોજનાની સમીક્ષા દર ત્રણ માસે જિલ્લા આત્મા ગવર્નીંગ બોર્ડ (AGB) અને દર છ માસે રાજ્યકક્ષા સમિતિની બેઠકમાં કરવાની રહેશે.

**સામાન્ય શરતો અને બોલીઓ :**

(૧) જો કોઇ લાભાર્થીને આ યોજનાનો લાભ મળેલ હશે અને રાસાયણિક ખાતરનો વપરાશ કરતા માલુમ પડશે તો તાત્કાલિક સહાય બંધ કરવાની રહેશે.

(૩) આ યોજનાના નિયંત્રણ અધિકારી તરીકે રાજ્ય કક્ષાએ નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્મા રહેશે અને જિલ્લા કક્ષાએ આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે પ્રોજક્ટ ડાયરેક્ટર આત્મા રહેશે

(૪) આ યોજના નિયામકશ્રી, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્માના અંકુશમાં રહેશે. યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો અર્થઘટન/તાંત્રિક બાબતો અંગેનો આખરી નિર્ણય અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના પરામર્શમાં નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્માનો રહેશે.

(૫) પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા એ જિલ્લા કક્ષાએ લાભાર્થીનું નામ, ગામનું નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) દેશી ગાયનું મૃત્યુ થાય અથવા વેચી નાખવામાં આવે અથવા પ્રાકૃતિક કૃષિ બંધ કરવામાં આવે ત્યારે મળવાપાત્ર સહાય બંધ કરવામાં આવશે અને બીજી ગાય વસાવવામાં આવે અને પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે ત્યારે ફરીથી નવેસરથી અરજી કરવાની રહેશે.

(૭) લાભાર્થીએ ગાયના કોઇ આકસ્મિક મૃત્યુના કેસમાં અથવા તે ગાય વેચી દેવી અથવા બીજા કોઇને આપી દીધી હશે ને ગાય ધરાવતા ન હોય તો તાલુકા / જિલ્લાની આત્માની કચેરીને તાત્કાલિક જાણ કરી સહાય બંધ કરાવવાની રહેશે. અન્યથા મેળવેલ રકમ વસુલાતને પાત્ર રહેશે.

(૮) અરજી મંજૂર થયા પછી કોઇપણ તબક્કે આત્માના કે અન્ય સરકારી સ્ટાફ મારફતે માલુમ પડશે કે અરજદાર પ્રાકૃતિક ખેતી નથી કરતા અથવા દેશી ગાય ધરાવતા નથી તો પણ તાત્કાલિક અસરથી સહાય બંધ કરવામાં આવશે.

(૯) રાજ્ય સરકારશ્રી દ્વારા આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રી મારફત નિયામક, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્માને ફાળવવાની રહેશે. નિયામક, સમેતિ અને એસએનઓ, આત્માને મળેલ ગ્રાન્ટ જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્માને કામગીરીને ધ્યાને લઇને ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

(૧૦) રાજ્યકક્ષાએથી જિલ્લાઓના તાલુકાની સંખ્યા તથા પ્રાકૃતિક કૃષિના વ્યાપને ધ્યાને લઇ લક્ષ્યાંક ફાળવવામાં આવશે.

(૧૧) પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં નિયામક, સમેતિ, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે.

(૧૨) નાણાંકીય ચુકવણી હંમેશા ECS (ઇલેક્ટ્રોનિક ક્લીયરન્સ સર્વિસ)/RTGS/DBT થી કરવાની રહેશે.

(૧૩) આઇ-ખેડૂત પોર્ટલ પર સમયાંતરે જરૂરિયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સુચનો આ યોજનાના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

(૧૪) આ કાર્યક્રમના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી પત્રક તેમજ તેને આનુષંગિક પત્રકો આત્મા નિયામકશ્રીએ નિયત કરવાનાં રહેશે.

(૧૫) ગામના લાભાર્થીઓની યાદી ગ્રામપંચાયતના ચોરા પર પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૧૬) આ યોજનાનો કન્ટીજન્સી ખર્ચ આત્મા યોજના / સમેતિ રીવોલ્વીંગ ફંડમાંથી પાડવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૮)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૯) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૨૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૨૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. વર્ષના અંતે જો કોઇ રકમ બચત રહે તો પરત કરવાની રહેશે.

(૨૨) યોજનાની નિયત થયેલ શરતો અને બોલીઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૩) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૦૬ ના ઠરાવ ક્ર.:-એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ માં "ઈ" ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ તથા વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૪) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ધારાધોરણો અને ખરીદનીતિઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉપર મુજબની લાભાર્થીની પાત્રતા, અરજી મેળવવાથી મંજૂરી સુધીની કાર્યપદ્ધતિ, સામાન્ય શરતો અને બોલીઓનોચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં : ૦૨
મુખ્ય સદર : ૨૪૦૧– પાક કૃષિ વ્યવસ્થા
ગૌણ સદર : ૧૦૯– અન્ય ખર્ચ
પેટા સદર : ૦૬
વિગતવાર સદર : ૩૩૫૫ સહાકીય (ગ) અન્યને

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા:૧૮/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રવિન્દ્ર ડી. ખતાલે)
નાયબ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(કષિ)ના અગ્રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્મા, ગુજરાત રાજય, ગાંધીનગર - (જિલ્લા કક્ષાએ નકલો આપવાની વિનંતી સહ)
- પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ–૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ(ઇ એન્ડ આર એમ ઓડીટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, અમદાવાદ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (નિયામકશ્રી, સમેતિ મારફત)
- તમામ જિલ્લા પ્રોજકટ ડાયરેક્ટર, આત્મા. (નિયામકશ્રી, સમેતિ મારફત)
- તમામ સંયુકત ખેતી નિયામકશ્રી(વિસ્તરણ) (નિયામકશ્રી, સમેતિ મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, સમેતિ મારફત)
- સેકશન અધિકારીશ્રી, આઇટી શાખા, (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નેશનલ ઇન્ફોર્મેશન સેન્ટર, બ્લોક નં:૧૨, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, નાણા શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ – ૨૦૨૦.